**<u>દાખલ તારીખ: ૧૬/૦૯/૨૦૦૫</u>**
**<u>ફેસલ તારીખ: ૧૪/૦૭/૨૦૨૨</u>**
**<u>સમયગાળો : વર્ષ માસ દિવસ</u>**
**<u>૧૬ – ૦૯ – ૨૮</u>**

**<u>એડી.ચીફ.મેટ્રોપોલીટન કોર્ટ નં. ૨૦ અમદાવાદ (કુ.એસ.પી.પટેલ ) સાહેબશ્રી અદાલતમાં</u>**

**ક્રિ. કેસ નં. ૧૧૨૪/૨૦૦૫**
**આંક–૨૨**

**ફરિયાદી:** શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

**આરોપી:** ધરમવીરસિંહ નિર્મલસિંહ યાદવ ઉ.વ. ૨૨
રહેઃ–બી/૫૬,મનમોહન પાર્ક સોસાયટી,
નિકોલ જકાત નાકા પાસે,ઓઢવ, અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૬(૨) તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧)મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.આર.પાલ**

---

**<u>ચુકાદો</u>**

૧. ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી તા. ૦૩/૦૫/૦૫ના રોજ મહાકાળી ફરસાણ, આદિનાથનગર સાડા પાંચ વાગે આવી ઉભા હતો. તે દરમ્યાન આરોપીએ તા. ૨૬/૦૩/૦૫ ના ધૂળેટીના દિવસે થયેલ ઝઘડો થયેલ અને સમાધાન થયેલ. તે અગાઉના ઝઘડાની અદાવત રાખીને આરોપીએ ફરિયાદીને ફેંટો વડે માર મારી તેમજ ગુપ્તીથી મારી નાખવાની ધમકી આપેલ. તે વખતે બીજા સાહેદો વચ્ચે પડીને છોડાવેલ. આરોપીએ ફરિયાદીને માર મારેલાનું અને ગુપ્તીથી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ મહે.પો.કમિ.શ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે સે.ગુ.ર.

નં.૩૦૬૮/૦૫થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુઘ્ઘ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૬(૨) તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧)મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સની કાયદેસરની બજવણી થતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અંગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. આરોપી સામે આંક–૦૫થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક–૦૬થી પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | સાહેદ હિંમતભાઈ નારાયણભાઈ પરિહારની જુબાની | આંક–૧૬ |
| ૨ | સાહેદ અનિરૂઘ્ઘસિંહ જશવંતસિંહ ઝાલાની જુબાની | આંક–૧૭ |
| ૩ | હેડ.કો. બુધાજી મંગળભાઈની જુબાની | આંક–૧૮ |
| ૪ | ફરિયાદીની ફરિયાદ | આંક–૧૯ |
| ૫ | રીકવરી પંચનામું | આંક–૨૦ |
| ૬ | સાહેદ કપ્તાનસીંગ રામદયાલુ યાદવની જુબાની | આંક–૨૧ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ઘ્યાને લેતા ક્રિ.પ્રો.કોડ કલમઃ ૩૧૩ વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીએ ફરિયાદપક્ષ તરફે રજુ પુરાવાનો ઈન્કાર કરી પોતાની સામે ખોટી ફરિયાદ કરેલાનું જણાવેલ છે.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી એસ.આર.પાલને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરિયાપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.

૦૩/૦૫/૦૫ના રોજ તા. ૨૬/૦૩/૦૫ ના ધૂળેટીના દિવસે થયેલ. અગાઉના ઝઘડાની અદાવત રાખીને આરોપીએ ફરિયાદીને ફેંટોથી માર મારી, ગુપ્તીથી મારી નાખવાની ધમકી આપી તેમજ મહે. પો.કમિ.શ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૬(૨) તથા બી.પી. એકટ કલમ–૧૩૫(૧)મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દાનં. ૧:–**

**(૮)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ હિંમતભાઈ નારાયણભાઈ પરિહારનાઓ ને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ ૨૦૦૫માં અજીતપાર્ક, આદિનાથનગર ઓઢવ ખાતે રહેતા હતા. શું બનાવ બેનલો. તે અંગે તેઓ જાણતા નથી. મહાવીરસિંહને તેઓ ત્યાં રહેતા હોવાથી ઓળખે છે. તેઓ અને મહાવીર હાજર હોય, તેમના ભાઈ સાથે કોઈએ ઝઘડો, મારા મારી કર્યાનું બનેલ નથી. પોલીસે તેઓનું નામ–ઠામ પૂછેલું. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ. એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૯)** ફરિયાદપક્ષે સાહેદ અનિરૂઘ્ધસિંહ જશવંતસિંહ ઝાલાનાઓને આંક–૧૭થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ અંગે તેઓને કોઈ ખબર નથી. તેઓ ફરિયાદી કે આરોપીને ઓળખતા નથી. તેમની વચ્ચે ઝઘડો થયો હોય

ત્યારે તેઓ હાજર હોય તેવું કાંઈ બનેલ નથી. પોલીસે માત્ર તેઓનું નામ–ઠામ પૂછેલું. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ. એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૦)** ફરિયાદપક્ષે હેડ.કો.બુધાજી મંગળભાઈનાઓને આંક–૧૮થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે,તેઓ તા.૦૩/૦૪/૦૫ના અરસામાં ઓઢવ પો.સ્ટે ખાતે ઇન્વે.માં હેડ.કો. તરીકે ફરજ હતા, ત્યારે સે.ગુ.ર.નં. ૩૦૬૮/૨૦૦૫, ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૬(૨) મુજબના ગુનાની તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળેલી. તપાસના કામે લાગતા વળગતા સાહેદોને તપાસીને નિવેદન લઈ, પંચનામું કરેલ. તમોએ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપીઓની અટક કરી, નામદાર કોર્ટમાં રજૂ કરી, ચાર્જશીટ કરેલ. તેઓને અસલ ફરિયાદ બતાવવામાં આવતા તેમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવી આંક–૧૯થી રજૂ રાખેલ છે. ત્યારબાદ બચાવપક્ષે કરેલ ઉલટ તપાસ કરવામાં સાહેદોના નિવેદનો તેઓએ તેમની મરજી મુજબ લખેલા તેમજ તૈયાર પંચનામામાં પંચોની સહી કરાવેલાનું ઈન્કાર કરે છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવોના હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલાનું ઈન્કાર કરે છે.

**(૧૧)** ફરિયાદપક્ષે સાહેદ કપ્તાનસીંગ રામદયાલુ યાદવનાઓને આંક–૨૧થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી. પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા નથી. તેઓને પંચનામું બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૦થી પંચનામું રજૂ રાખેલ છે. સદરહું પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરતાં ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૨)** સદર કામે ફરિયાદી તથા અન્ય સાહેદોને અવાર નવાર સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ તેઓ ચાર્જશીટવાળા સરનામે મળી આવેલ નથી. તેમજ ફરિયાદપક્ષ તેમનું નવું સરનામું મેળવી રજૂ કરી શકેલ નથી. જેથી ફરિયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો નોંધી શકાયેલ નથી. સદર કામે આરોપી સામે ફરિયાદીને અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી તેમને ફેંટો વડે માર મારી અને ગુપ્તી વડે મારી નાખવાની ધમકી આપેલાનો આક્ષેપ છે. જે મુજબ ફરિયાદી સદર કામે મુખ્ય અને મહત્વના સાહેદ કહી

શકાય. પરંતુ તેમનો પુરાવો રજૂ નથી તેમજ ફરિયાદ હકીકતના સમર્થનમાં અન્ય સાહેદનો પુરાવો રજૂ નથી. વધુમાં જે સાહેદો તપાસવામાં આવેલા છે તે ફરિયાદવાળો બનાવ બનેલાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. જેથી સદર કામે મુખ્ય પુરાવો ફરિયાદ પુરવાર થઈ શકેલ નથી. જે સંજોગોમાં ત.ક.અમલદારનો પુરાવો આરોપીને તકસીરવાન ઠેરવવા પુરતો નથી.

**(૧૩)** પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓની નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપી સામે આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુ ક મ ::</u>**

આ કામના આરોપી ધરમવીરસિંહ નિર્મલસિંહ યાદવ ઉ.વ. ૨૨,રહેઃ–બી/૫૬,મનમોહન પાર્ક સોસાયટી, નિકોલ જકાત નાકા પાસે,ઓઢવ, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૬(૨) તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

અપીલ સમય વીત્યે મુદ્દામાલ (ગુપ્તી)નો નાશ કરવો.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ રોજ **તા.૧૪,** માહે **જુલાઈ**, સને **૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૭/૨૦૨૨
મુ.અમદાવાદ.

**(કુ.સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦,અમદાવાદ.

**CODE NO. GJ01123**